# જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી, બનાસકાંઠા

## કિચન બ્લૉક, જોરાવર પેલેસ, પાલનપુર, જિ.બનાસકાંઠા

(ISO 9001:2008 Certified)

**Phone No. : (02742) 257055 E-mail : bnsdeo@gmail.com**


ક્રમાંક:સા.વ.શા./જન.ર.સુધારા/પરિપત્ર/૨૦૨૫/૧૨૫૨૪ તા. ૦૮/૦૭/૨૦૨૫

પ્રતિ,

આચાર્યશ્રી(તમામ),

સરકારી, બિનસરકારી અનુદાનિત અને બિન અનુદાનિત,

માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓ,તમામ,

જિ.બનાસકાંઠા.

**વિષય:-વિધાર્થીના નામ,અટક,પિતાનું નામ, જન્મતારીખ વગેરે સુધારા બાબત.**

સંદર્ભ:- (૧) ગુ.મા.અને ઉ.મા.શિક્ષણ વિનિયમ-૧૯૭૪ના વિનિયમ-૧૨(ક) અન્વયે.

(૨) ગુજરાત મા. અને ઉ.મા.શિક્ષણ બોર્ડ, ગાંધીનગરના પત્ર ક્રમાંક:મઉમશબ/શા.નિ./૫૮૫૩-૯૩, તા.30/૦૯/૨૦૧૯.

(૩) ગુજરાત મા. અને ઉ.મા.શિક્ષણ બોર્ડ, ગાંધીનગરના પત્ર ક્રમાંક:મઉમશબ/શા.નિ./૬૯૪૪/૭૭, તા.૩૧/૧૨/૨૦૧૯.

(૪) ગુજરાત મા. અને ઉ.મા.શિક્ષણ બોર્ડ, ગાંધીનગરના પત્ર ક્રમાંક:મઉમશબ/શા.નિ./૩૯૪૪-૭૭, તા.૨૦/03/૨૦૨૫.

(૫) અત્રેની કચેરીના પત્રક્રમાંક: સા.વ.શા./જન.ર.સુધારા/પરિપત્ર/૨૦૨૫/૬૨૫૦,તા. ૧૧/ ૦૪/૨૦૨૫.

ઉપરોકત વિષય અને સંદર્ભ પરત્વે જણાવવાનું કે, જૂન-૨૦૨૫થી માધ્યમિક અને ઉ.મા. શાળાઓનું શૈક્ષણિક કાર્ય શરૂ થયેલ છે. જેમાં આપની શાળાના ધોરણ-૯માં પ્રવેશ મેળવતા વિધાર્થીઓની જન્મતારીખ, જન્મસ્થળ, નામ, અટક વગેરે સુધારવાની દરખાસ્તો શાળાઓ દ્વારા શૈક્ષણિક વર્ષ દરમિયાન કચેરીમાં રજુ કરવામાં આવે છે. આ બાબતે શૈક્ષણિક સત્રના પ્રારંભે નોટીસ કાઢી ધોરણ ૧૦ અને ધોરણ ૧૨ના તમામ વર્ગોમાં આ અંગે જાણ કરવી અને વિધાર્થીના વાલી પાસેથી ગુજરાતી/ અંગ્રેજીમાં જી.આર.ના રેકર્ડની ખરાઇ કરાવી લેખિતમાં સુધારો કરવા સંદર્ભ-૫ની સુચના અન્વયે ફોર્મ ભરાવી લેવુ. જેમાં કેટલાક કિસ્સાઓમાં ધોરણ ૧૦ અને ધોરણ ૧૨ના ફોર્મ ભરાવવાની અંતિમ તારીખોમાં પણ આવી દરખાસ્તો રજુ કરી વિધાર્થીઓ અને વાલીઓને કચેરીમાં રૂબરૂ મોકલવામાં આવે છે. જે કાર્યપધ્ધતિ ઉચિત ન હોઇ હવે પછી તમામ આચાર્યશ્રીઓને જણાવવામાં આવે છે કે ધોરણ ૧૦ અને ધોરણ ૧૨ની દરખાસ્તો મોડામાં મોડી **તા.૩૧/૦૮/૨૦૨૫ સુધીમાં અત્રેની કચેરીના સંદર્ભપત્ર(૫) મુજબ નિયત નમુનામાં તૈયાર કરી** કચેરીને મળી જાય તે રીતે મોકલવી. ત્યારબાદ ધોરણ ૧૦ અને ધોરણ ૧૨ની કોઇ પણ દરખાસ્ત કચેરીમાં રજૂ કરવી નહી. તથા ધોરણ ૯ અને ધોરણ ૧૧ની દરખાસ્તો **તા.30/૦૯/૨૦૨૫** સુધીમાં અત્રેની કચેરીએ રજુ કરવી.

જન્મતારીખ સુધારાના કેસોમાં જન્મનો ઓરીજનલ દાખલો અવશ્ય રજૂ કરવો. તેમજ અન્ય કેસોમાં અત્રેની કચેરીના **સંદર્ભપત્ર(૫) મુજબ આધારો રજુ કરવાના રહેશે.** સદર દરખાસ્તોની સંપુર્ણ ચકાસણી કર્યા બાદ જ કેસો રજૂ કરવા જેથી બિનજરૂરી પત્ર વ્યવહાર ટાળી શકાય. સદર સુચનાઓનો ચુસ્ત પણે અમલ કરવાનો રહેશે. કોઇપણ સંજોગોમાં ધોરણ ૧૦ અને ધોરણ ૧૨ની દરખાસ્તો ૩૧ ઓગષ્ટ પછી અત્રે રજુ કરવી નહી. ૩૧ ઓગષ્ટ પછીની દરખાસ્તો અંગે ઉપસ્થિત થનાર તમામ જવાબદારી આચાર્યશ્રીની રહેશે.

આ પ્રકારની સુધારા દરખાસ્તો આચાર્યશ્રીએ જાતે ચકાસણી કર્યા બાદ જ રજૂ કરવી. અન્યથા શાળાના વડા તરીકે આચાર્યશ્રીની અંગત જવાબદારી રહેશે. જેની ખાસ નોંધ લેવી.

સંદર્ભમાં જણાવેલ અત્રેની કચેરીના પરીપત્રની સુચનાઓનો ચુસ્તપણે અમલ કરવાનો રહેશે. જેની આચાર્યશ્રીએ અંગત કાળજી રાખવાની રહેશે.

જિલ્લા શિક્ષણાધિકારી
પાલનપુર,જિ.બનાસકાંઠા

બિડાણ:-સંદર્ભપત્ર-૫

**નોંધ:**-

૧. ધો.૧૧ અને ધો.૧૨ની દરખાસ્તો રજૂ કરતી વખતે ધો.૧૦ની એલ.સી. તેમજ માર્કશીટની નકલ રજૂ કરવી. તથા વિદ્યાર્થીએ ધો.૧૦માં અભ્યાસ કરેલ શાળામાં સુધારો કરવાનો થાય છે તે બાબતનો શાળાના લેટરપેડમાં ખાસ ઉલ્લેખ કરવો.

૨. સદર દરખાસ્ત બિડાણમાં સામેલ નમુનામાંજ કરવાની રહેશે.જેની સોફ્ટ(વર્ડ) કોપી www.Chanakyadialogue.com વેબ સાઇટ પર ઉપલબ્ધ છે. નમુનામાં રજુ નહી કરેલ દરખાસ્ત પરત કરવામાં આવશે.

# જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી, બનાસકાંઠા

## કિચન બ્લોક, જોરાવર પેલેસ, પાલનપુર, જિ.બનાસકાંઠા

(ISO 9001:2008 Certified)

Phone No. : (02742) 257055 E-mail : bnsdeo@gmail.com

ક્રમાંક:સા.વ.શા./જન.ર.સુધારા/પરિપત્ર/૨૦૨૫/૬૨૫૦ તા. ૧૧ / ૦૪/૨૦૨૫

પ્રતિ,

આચાર્યશ્રી(તમામ),

સરકારી, બિનસરકારી અનુદાનિત અને બિન અનુદાનિત,

માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓ,તમામ,

જિ.બનાસકાંઠા.

**વિષય:-શાળાના જનરલ રજીસ્ટરમાં સુધારો કરવાની મંજુરી મેળવવા બાબત.**

સંદર્ભ:(૧) ગુ.મા.અને ઉ.મા.શિક્ષણ વિનિયમ-૧૯૭૪ના વિનિયમ-૧૨ અન્વયે.

(૨) ગુજરાત મા. અને ઉ.મા.શિક્ષણ બોર્ડ,ગાંધીનગરના પત્ર ક્રમાંક:મઉમશબ/શા.નિ./૫૮૫૩-૯૩, તા.30/0૯/૨૦૧૯.

(3) ગુજરાત મા. અને ઉ.મા.શિક્ષણ બોર્ડ,ગાંધીનગરના પત્ર ક્રમાંક:મઉમશબ/શા.નિ./૩૯૪૪-૭૭, તા.૨૦/03/૨૦૨૫.

ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે આ કચેરી હસ્તક આવેલ સરકારી, બિનસરકારી અનુદાનિત અને બિનઅનુદાનિત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓના જનરલ રજીસ્ટરમાં કરવામાં આવેલ વિદ્યાર્થીની નોંધમાં ફેરફાર/સુધારો કરવાની મંજુરી મેળવવાની દરખાસ્તોમાં ખુબ જ ક્ષતિઓ અને અધુરાશ જોવા મળે છે. જેથી સમયસર મંજુરી આપવામાં મુશ્કેલી ઉભી થાય છે અને બિન જરૂરી વિલંબ થાય છે, તેમજ કચેરીની કામગીરી બેવડાવવાથી સમયનો વ્યય થાય છે.

આમ, ન બને તે માટે નીચે મુજબની કાર્યપધ્ધતિ અનુસરવા બનાસકાંઠા જિલ્લાની તમામ શાળાઓને અનુરોધ કરવામાં આવે છે. જેથી કચેરીમાં કામની એક સુત્રતા જળવાય અને કામનો સમયસર નિકાલ થઇ શકે.

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડના વિનિયમ ૧૨(ક) મુજબ વિદ્યાર્થીએ ધોરણ ૧૨ની જાહેર પરીક્ષા પાસ કર્યા પછી અને ખરેખર શાળા છોડી દીધા પછી શાળા રેકર્ડમાંની નોંધમાં કોઇ ફેરફાર કરી શકાતો ન હોઇ આચાર્યશ્રીને શાળાના જનરલ રજીસ્ટરમાં વિદ્યાર્થીની તમામ નોંધ ચોકસાઇ પુર્વક અને સાચી લખાય તેની ખાસ તકેદારી રાખવા જણાવવામાં આવે છે.

શાળામાં આપવામાં આવતા નવા પ્રવેશ સમયે વિદ્યાર્થી/ વાલી દ્વારા રજુ કરાતા શાળા છોડ્યાના પ્રમાણપત્ર (એલ.સી.)ની તમામ વિગતો ચકાસી લેવા વાલીને જણાવવું અને એલ.સી.ની તમામ વિગતો ચકાસેલ છે અને બરાબર માલુમ પડેલ છે તે મતલબનું જરૂર જણાય તો પ્રમાણપત્ર મેળવી લેવું. જેથી વિદ્યાર્થીને ભવિષ્યમાં મુશ્કેલી ઉભી ન થાય. તેમજ પ્રવેશ પ્રક્રિયા પુર્ણ થયે કલાર્કશ્રી અને આચાર્યશ્રીએ પણ જી.આર.ની દરેક નોંધની સંપુર્ણ ચકાસણી કરવાની રહેશે.

**જો કોઇ કિસ્સામાં ક્ષતિ જણાય તો પ્રવેશ પ્રક્રિયા પુર્ણ થયેથી મોડામાં મોડા દર વર્ષના સપ્ટેમ્બર માસ સુધીમાં આવા વિદ્યાર્થીઓના વાલી પાસેથી નિયત નમુનામાં અરજી મેળવી જરૂરી આધાર પુરાવાની સંપુર્ણ ચકાસણી કરી ખરાઇ કરેલ આધારો સાથેની સંપુર્ણ દરખાસ્ત આ કચેરીને શાળાના જવાબદાર કર્મચારી સાથે મોકલી આપવાની રહેશે.**

**શાળાના જનરલ રજીસ્ટર(જી.આર.)માં સુધારો કરવા આ કચેરીનો મંજુરી હુકમ મેળવવામાં એક સુત્રતા જળવાય તે હેતુથી નીચે મુજબની પધ્ધતિ અનુસરવાની રહેશે.**

(૧) શાળાનો વિગતવાર ભલામણ પત્ર (નમુનો આ સાથે સામેલ છે.)

(ર) શાળા છોડી દિધેલ નથી તે મતલબનું આચાર્યશ્રીનું પ્રમાણપત્ર. (નમુનો આ સાથે સામેલ છે.)

(3) નિયત નમુનાનું અરજી ફોર્મ. (નમુનો આ સાથે સામેલ છે.)

(૪) શાળાના જી.આર.ની પ્રમાણિત નકલ રજુ કરવી.

(૫) અરજદારશ્રીનું મામલતદારશ્રી સમક્ષનું અસલ સોગંદનામું. (નમુનો આ સાથે સામેલ છે.)

આ ઉપરાંત ઉકત આધારો સાથે નીચે મુજબની અલગ અલગ બાબતના સુધારા માટે નીચે જણાવેલ આધારો રજુ કરવાના રહેશે.

❖ **વિધાર્થીના નામમાં સુધારા માટે નીચેના આધારો રજુ કરવાના રહેશે.**

| ક્રમ | વિગત |
|---|---|
| ૧ | વિધાર્થીના જન્મ પ્રમાણપત્રની પ્રમાણિત નકલ. |
| ૨ | વિધાર્થી અને વાલીના આધારકાર્ડની પ્રમાણિત નકલ. |
| ૩ | સાચા નામવાળા અન્ય કોઇ પુરાવાની પ્રમાણિત નકલ. |
| ૪ | વિધાર્થીનું પુરૂ નામ બદલવાનુ થતુ હોય તો રાજ્ય પત્રમાં પ્રસિધ્ધિ(ગેઝેટ)ની પ્રમાણિત નકલ. |
| ૫ | રેશનકાર્ડની પ્રમાણિત નકલ. |

❖ **અટકમાં સુધારા માટે નીચેના આધારો રજુ કરવાના રહેશે.**

| ક્રમ | વિગત |
|---|---|
| ૧ | વિધાર્થીના આધારકાર્ડની પ્રમાણિત નકલ. |
| ૨ | વિધાર્થીના જન્મપ્રમાણપત્રની પ્રમાણિત નકલ. |
| ૩ | વાલીની એલ.સી.ની પ્રમાણિત નકલ. |
| ૪ | વાલીના પાનકાર્ડ અથવા ચુંટણીકાર્ડ અથવા આધારકાર્ડની પ્રમાણિત નકલ. |
| ૫ | રેશનકાર્ડની પ્રમાણિત નકલ. |
| ૬ | સાચી અટકવાળા અન્ય કોઇ પુરાવાની પ્રમાણિત નકલ. |
| ૭ | વિધાર્થીની અટક બદલવાની થતી હોય તો રાજ્ય પત્રમાં પ્રસિધ્ધિ(ગેઝેટ)ની પ્રમાણિત નકલ. |

❖ **પિતાના નામમાં સુધારા માટે નીચેના આધારો રજુ કરવાના રહેશે.**

| ક્રમ | વિગત |
|---|---|
| ૧ | વિધાર્થીના આધારકાર્ડની પ્રમાણિત નકલ. |
| ૨ | વિધાર્થીના જન્મપ્રમાણપત્રની પ્રમાણિત નકલ. |
| ૩ | વાલીની એલ.સી.ની પ્રમાણિત નકલ. |
| ૪ | વાલીના પાનકાર્ડ અથવા ચુંટણીકાર્ડ અથવા આધારકાર્ડની પ્રમાણિત નકલ. |
| ૫ | પિતાના સાચા નામવાળા અન્ય કોઇ પુરાવાની પ્રમાણિત નકલ. |
| ૬ | રેશનકાર્ડની પ્રમાણિત નકલ. |
| ૭ | પિતાનું સંપુર્ણ નામ બદલવાનું થતુ હોય તો રાજ્ય પત્રમાં પ્રસિધ્ધિ(ગેઝેટ)ની પ્રમાણિત નકલ. |

- **પુનઃ લગ્ન કે દત્તક લીધેલ બાળકના કિસ્સામાં પિતાનું નામ અને અટક બદલવા માટે ઉક્ત પુરાવા સાથે (ઉપર મુજબના ક્રમ નં.૧ થી ૭) નીચેના આધારો રજુ કરવાના રહેશે.**

| ક્રમ | વિગત |
|---|---|
| ૧ | અગાઉના લગ્નના છુટાછેડાના કરારની પ્રમાણિત નકલ |
| ૨ | નવા લગ્ન નોંધણીના પ્રમાણપત્રની પ્રમાણિત નક્લ |
| ૩ | નવા પિતાના દત્તક ગ્રહણખત (દત્તકવિધાન)ની પ્રમાણિત નક્લ |
| ૪ | દત્તક લીધેલ બાળકના કિસ્સામાં દત્તક ગ્રહણખત(દત્તક વિધાન)ની પ્રમાણિત નકલ. |

- **વિધાર્થીના નામની પાછળ પિતાના નામના બદલે માતાનું નામ દાખલ કરવા માટે નીચેના આધારો રજુ કરવાના રહેશે.**

| ક્રમ | વિગત |
|---|---|
| ૧ | વિધાર્થીના જન્મપ્રમાણપત્રની પ્રમાણિત નકલ. |
| ૨ | વિધાર્થીના આધારકાર્ડની પ્રમાણિત નકલ. |
| ૩ | સિવિલકોર્ટના હુકમની પ્રમાણિત નકલ |
| ૪ | માતાનું નામ દાખલ થયેલ રાજ્ય પત્રમાં પસિધ્ધિ(ગેઝેટ)ની પ્રમાણિત નકલ |
| ૫ | માતાનું આધાર કાર્ડ ,પાનકાર્ડ,જાતિ પ્રમાણપત્રની પ્રમાણિત નકલ |
| ૬ | રેશનકાર્ડની પ્રમાણિત નકલ |

- **સંજોગોવસાત પિતા બદલાય ત્યારે માતાનું નામ દાખલ કરવા ઉક્ત પુરાવા સાથે (ઉપર મુજબના ક્રમ નં.૧ થી ૬) નીચેના આધારો રજુ કરવાના રહેશે.**

| ક્રમ | વિગત |
|---|---|
| ૧ | અગાઉના લગ્નના છુટાછેડાના કરારની પ્રમાણિત નકલ |
| ૨ | પુનઃ લગ્ન કરેલ હોય તો તેના આધારોની પ્રમાણિત નક્લ |
| ૩ | દત્તક ગ્રહણખત (દત્તકવિધાન)ની પ્રમાણિત નક્લ |
| ૪ | પતિનું અવસાન થયેલ હોય તો પતિના મરણના દાખલાની પ્રમાણિત નકલ |
| ૫ | પુનઃલગ્નના પતિનું સંમતિ દર્શાવતુ અસલ સોગંદનામુ રજુ કરવું. |

- **પેટાજાતિમાં સુધારા માટે નીચેના આધારો રજુ કરવાના રહેશે.**

| ક્રમ | વિગત |
|---|---|
| ૧ | વિધાર્થીનું જાતિના પ્રમાણપત્રની પ્રમાણિત નકલ. |
| ૨ | વિધાર્થીના પિતાનું જાતિના પ્રમાણપત્ર અને એલ.સી.ની પ્રમાણિત નકલ.<br>અથવા<br>વિધાર્થીના દાદા/ભાઇ/બહેનના સમાજ કલ્યાણ અધિકારીના પ્રમાણપત્ર અને એલ.સી.ની પ્રમાણિત નકલ. |
| ૩ | વિધાર્થી અને વાલીના આધારકાર્ડની પ્રમાણિત નકલ. |
| ૪ | રેશનકાર્ડની પ્રમાણિત નકલ. |

- **જન્મતારીખમાં સુધારા માટે નીચેના આધારો રજુ કરવાના રહેશે.**

| ક્રમ | વિગત |
|---|---|
| ૧ | વિધાર્થીના જન્મપ્રમાણપત્રની પ્રમાણિત નકલ. |
| ૨ | વિધાર્થીના આધારકાર્ડની પ્રમાણિત નકલ. |
| ૩ | સાચી જન્મતારીખવાળા અન્ય કોઇ પુરાવાની પ્રમાણિત નકલ. |
| ૪ | રેશનકાર્ડની પ્રમાણિત નકલ. |
| ૫ | ધોરણ૧માં પ્રવેશ પ્રમાણપત્ર(પ્રવેશ તારીખ સહિત). |

❖ **જન્મસ્થળમાં સુધારા માટે નીચેના આધારો રજુ કરવાના રહેશે.**

| **ક્રમ** | **વિગત** |
|---|---|
| ૧ | વિધાર્થીના જન્મપ્રમાણપત્રની પ્રમાણિત નકલ. |
| ૨ | વિધાર્થીના આધારકાર્ડની પ્રમાણિત નકલ. |
| ૩ | સાચી જન્મસ્થળવાળા અન્ય કોઇ પુરાવાની પ્રમાણિત નકલ. |
| ૪ | રેશનકાર્ડની પ્રમાણિત નકલ. |

❖ **શાળા છોડ્યાના પ્રમાણપત્ર(એલ.સી.) ઉપર કાઇન્ટર સહી કરવા માટે નીચેના આધારો રજુ કરવાના રહેશે.**

| **ક્રમ** | **વિગત** |
|---|---|
| ૧ | શાળાનો ભલામણ પત્ર (નિયતનમુનો આ સાથે સામેલ છે.) |
| ૨ | અસલ શાળા છોડ્યાનું પ્રમાણપત્ર(એલ.સી.) |
| ૩ | એલ.સી.ના પાછળના ભાગ પર એલ.સી.માં દર્શાવેલ તમામ વિગતો શાળાના રેકર્ડ મુજબ સાચી અને ખરી છે. તે મતલબનું પ્રમાણપત્ર આચાર્યશ્રીએ આપવાનું રહેશે. |
| ૪ | શાળાના જી.આર.ની પ્રમાણિત નકલ |
| ૫ | શાળાના જી.આર.માં સુધારો કરેલ હોય તો તે અંગેના મંજુરી હુકમની પ્રમાણિત નકલ. |

***ઉપરોક્ત અલગ અલગ બાબતે સુધારા માટે જણાવેલ આધાર પુરાવાની કલાર્કશ્રી અને આચાર્યશ્રીએ ચોકકસાઇ પુર્વક સંપુર્ણ ચકાસણી કરી સુધારાને સુસંગત આધારોની પ્રમાણિત કરેલ નકલો સાથેની સંપુર્ણ દરખાસ્ત શાળાના જવાબદાર કર્મચારી સાથે જ મોકલી આપવાની રહેશે.***

***ઉપર જણાવેલ આધાર પુરાવા ઉપરાંત વધુ ચકાસણી અર્થે અન્ય આધારોની જરૂરિયાત જણાય તો રજુ કરવાના રહેશે.***

ગુજરાત માધ્યમિક શિક્ષણ વિનિયમો,૧૯૭૪ના વિનિયમ નં.૧૨-ક(૧) અધિકારીની લેખિત પુર્વ મંજુરી મેળવ્યા વિના શાળા રજિસ્ટરમાંની નોંધોમાં કોઇ ફેરફાર કરી શકાશે નહી. આવા પુર્વ મંજુરી વિના કરવામાં આવેલ ફેરફાર માન્ય રહેશે નહી. આ અંગેની સંપુર્ણ જવાબદારી શાળાના કલાર્કશ્રી અને આચાર્યશ્રીની રહેશે. જેની ખાસ નોધ લેવા જણાવવામાં આવે છે.

ગુજરાત માધ્યમિક શિક્ષણ વિનિયમો,૧૯૭૪ના વિનિયમ નં.૧૨-કની જોગવાઇ અનુસાર વિધાર્થી ખરેખર શાળા છોડી દીધા પછી શાળા રેકર્ડમાંની નોંધમાં ફેરફાર કરી શકાશે નહી. જેથી આવી કોઇ દરખાસ્તો મોકલી આપવી નહી.

શાળાએ જનરલ રજીસ્ટરમાં ફેરફાર કરવાના આ કચેરીના મેળવેલ લેખિત મંજુરી હુકમનો નંબર અને તારીખ સાથેની નોંધ શાળાના જનરલ રજીસ્ટરમાં કરી તે જગ્યાએ આચાર્યશ્રીએ સહી કરવાની રહેશે અને જરૂર જણાય ત્યાં આ મંજુરી હુકમની પ્રમાણિત નકલ રજુ કરવાની રહેશે.

**નોંધ:જો ધોરણ ૧૧ અને ૧૨ના વિધાર્થીની દરખાસ્ત કરવામાં આવે તો વિધાર્થીએ જે શાળામાં ધોરણ ૧૦ પાસ કરેલ હોય તે શાળાનું નામ ખાસ દર્શાવવું જેથી તે શાળાને પણ સુધારા અન્વયે જાણ કરી શકાય.**

જિલ્લા શિક્ષણાધિકારી
પાલનપુર,જિ.બનાસકાંઠા

બિડાણ:-ઉપર મુજબ

**<u>નકલ રવાના જાણ તથા શાળાને જાણકારી આપવા સારૂ.</u>**

-શિક્ષણ નિરીક્ષકશ્રી(તમામ) ,સદર કચેરી

-મદદનિશ શિક્ષણ નિરીક્ષકશ્રી(તમામ), સદર કચેરી

**શાળાનું નામ:-**
**તાલુકો:-**
**જિલ્લો:-**
**તારીખ**

**પ્રતિ,**
**જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,**
**જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી,**
**પાલનપુર,જિ.બનાસકાંઠા.**

**વિષય:-જી.આર.માં સુધારો કરવા બાબત.**
**સંદર્ભ:-**જિ.શિ.અ.શ્રીની કચેરીના પત્રક્રમાંક:સા.વ.શા./જન.ર.સુધારા/પરિપત્ર/૨૦૨૫/૬૨૫૦,તા.૧૧/૦૪/૨૦૨૫

**મે.સાહેબશ્રી**,

સવિનય ઉપરોક્ત વિષયના અનુસંધાને જણાવવાનું કે, અમારી શાળામાં હાલમાં ધોરણ .........માં અભ્યાસ કરતા વિધાર્થી.......................................................................................................ના............................. (નામ/ અટક/ પિતાના નામ/ પેટાજાતિ/ જન્મતારીખ/ જન્મસ્થળ વગેરે)માં સુધારાની દરખાસ્ત નિયતનમુનામાં નીચેની વિગતે સામેલ રાખી મોકલી આપવામાં આવે છે. જેને ધ્યાને લઇ આપ સાહેબશ્રીની કક્ષાએથી ઘટતી કાર્યવાહી કરવા નમ્ર વિનંતિ.

| ક્રમ | વિગત (જી.આર.મુજબ) | |
|---|---|---|
| ૧ | જી.આર.નંબર | |
| ૨ | ધોરણ | |
| ૩ | વિધાર્થીનું પુરુ નામ | |
| ૪ | પેટાજાતિ | |
| ૫ | જન્મતારીખ | |
| ૬ | જન્મસ્થળ | |
| ૭ | ધોરણ ૧૦માં જે શાળામાં અભ્યાસ કરેલ તે શાળાનું નામ(લાગુ પડતા વિધાર્થી માટે) | |

**સુધારાની વિગત**

| જી.આર.મુજબ વિગત | રજુ કરેલ આધાર મુજબ સુધારવાની વિગત |
|---|---|
| | |
| | |

**બિડાણ**:નિયત નમુનામાં દરખાસ્ત

**આચાર્યશ્રીના સહી/સિક્કા**

## **<u>શાળા છોડેલ નથી તે મતલબનું પ્રમાણપત્ર</u>**

આથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે વિદ્યાર્થી....................................................................જેઓ અત્રેની શાળામાં હાલમાં વર્ષ......................દરમિયાન ધોરણ........માં અભ્યાસ કરે છે. સદર વિદ્યાર્થીનો હાલમાં અભ્યાસ ચાલુ છે જેની શાળામાં ઉપલબ્ધ રેકર્ડ પરથી ખાત્રી કરી આ પ્રમાણપત્ર આપવામાં આવે છે.

તા.   /   /૨૦૨૫   શાળાનો રાઉન્ડશીલ   **આચાર્યશ્રીના સહી/સિક્કા**

સ્થળ:

...................................................................હાઇસ્કુલ..............તાલુકો.............જિ....................

## નામ/અટક/જાતિ વિ. બદલવા માટે વિદ્યાર્થીએ ભરવાનું ફોર્મ

| | | |
|---|---|---|
| (૧) | અરજદારનું પુરૂ નામ અને સરનામું:-<br>(વિદ્યાર્થીના વાલી અરજદાર) | અટક / નામ / પિતાનું નામ<br>સરનામું :<br>પિન કોડ : |
| (૨) | અરજદારનો વિદ્યાર્થી સાથેનો સંબંધ:- | |
| (3) | અરજી કર્યા તારીખ:- | |
| (૪) | વિદ્યાર્થીનું પુરુ નામ (જી.આર.મુજબ):- | અટક / નામ / પિતાનું નામ |
| (૫) | વિદ્યાર્થીનું જન્મસ્થળ,ગામ, તાલુકો,જિલ્લો:- | ગામ / તાલુકો / જિલ્લો |
| (૬) | વિદ્યાર્થી હાલ જે શાળામાં અભ્યાસ કરતો હોય તે શાળાનું નામ:- | |
| (૭) | હાલ વિદ્યાર્થી ક્યા ધોરણમાં અભ્યાસ કરે છે:- | ધોરણ............... વર્ગ............. |
| (૮) | પ્રથમ પ્રવેશ સમયે પ્રમાણપત્રમાં જણાવેલ નામ, અટક,જાતિ વિ.:- | |
| (૯) | હાલની શાળામાં જી.આર.માં જણાવેલ નામ,અટક,જાતિ વિ.: | |
| (૧૦) | હવ પછી સુધારીને રાખવાનુ નામ, અટક, જાતિ વિ.:- | અટક:-<br>નામ:-<br>જાતિ:-<br>જન્મ તારીખ (આંકડામાં): / /<br>શબ્દોમાં:-<br>જન્મસ્થળ:- |
| (૧૧) | નામ/અટક/જાતિ/જન્મતારીખ સુધારવાના સમર્થનમાં ફર્સ્ટ કલાસ મે સ્ટ્રેટ સમક્ષનું વાલીનું સોગંદનામુ સામેલ છે કે કેમ? | |

| | | |
|---|---|---|
| (૧૨) | સુધારા અન્વયે તેને સુસંગત આધારો . | ૧.<br>૨.<br>૩.<br>૪.<br>૫.<br>૬.<br>૭. |

પ્રતિ,

આચાર્યશ્રી,

........................................................................

જિ.બનાસકાંઠા.

જય ભારત સહ સાથે જણાવવાનું કે હું આપની શાળામાં ધોરણ.................વર્ગ.............માં ભણું છુ અને સરકાર માન્ય જાહેર પરીક્ષા પાસ કરેલ નથી તેની ખાત્રી આપુ છું.

વિધાર્થીની સહી ..........................

અરજદાર વાલીની પુરેપુરી સહી........................................

## આચાર્યશ્રીના પ્રમાણપત્રો

૧. આથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે મજકુર વિધાર્થી આ શાળામાં આવે છે. અને ધોરણ ..............વર્ગ.........માં અભ્યાસ કરે છે અને તેનું નામ શાળા ના દફતર ઉપર છે. જેની ખાત્રી શાળાના રેકર્ડ પરથી કરી આપવામાં આવે છે.

૨. આથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે આ અરજી વિધાર્થીના મા-બાપ/વાલીએ કરી છે અને મે અરજદારની સહીની ખાત્રી કરી છે.

૩. અરજી સાથે રજુ કરવામાં આવેલ પુરાવા ઉપરથી મને ખાત્રી થઇ છે.જેથી તેમની માંગણી સ્વીકારવામાં આવે તેવી ભલામણ છે.

સ્થળ: આચાર્યશ્રીના સહી/સિક્કા

તા.

# સોગંદનામાનો નમુનો

આથી હું સહી કરનાર ........................................................................ ઉ.વ.......... ધંધો ............................................ રહે......................., તા.................................. જિ.................ના રહીશ છીએ. મારા સત્ય ધર્મના પ્રતિજ્ઞાના સોગંદપૂર્વક જણાવું છું કે,

અમો સોગંદનામું કરનારના પુત્ર/પુત્રી નામે (જી.આર.મુજબ)...................................................................................... હાલમાં (શાળાનું નામ)............................................................................ ખાતે ધોરણ-............. માં અભ્યાસ કરે છે જે તે વખતે મારા પુત્ર/પુત્રી ને શાળામાં અભ્યાસ કરવા માટે બેસાડેલ તે વખતે શાળાના જનરલ રજીસ્ટરમાં શરતચૂકથી (નામ, અટક, જાતિ વગેરે)................................................ લખાયેલ છે. પરંતુ અમારા આધારોમાં (નામ, અટક, જાતિ વગેરે) ................ ...................................... એ મુજબ ચાલે છે. આથી હવે મારા પુત્ર/પુત્રીના શાળા રેકર્ડમાં નીચે મુજબનો સુધારો કરવાનો હોઇ જેની ખાતરી બદલ આ સોગંદનામું કરવાની ફરજ પડેલ છે.

| **શાળા રેકર્ડ પરની વિગત** | **સુધારવાની વિગત** |
|---|---|
| ................................................................... | ................................................................... |

બરાબર અને ખરી છે જે હું મારા ધર્મના સોગંદ ઉપર જાહેર કરૂ છું. ખોટુ સોગંદનામું કરવું તે ફોજદારી ગુન્હો બને છે તેની મને જાણકારી છે.

સ્થળ: સોગંદનામું કરનારની સહી

તારીખ: / /

**નોંધ:- વિદ્યાર્થી અથવા વાલી બે નામ ધરાવતી હોય અને તેમના નામમાં સુધારો કરવાની દરખાસ્ત રજુ કરવાની થાય તો તો આ બે નામવાળી વ્યક્તિ પોતે જ છે એવો ઉલ્લેખ સોગંદનામામાં કરવાનો રહેશે.**

**શાળાનું નામ:-**
**તાલુકો:-**
**જિલ્લો:-**
**તારીખ**

**પ્રતિ,**
**જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,**
**જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી,**
**પાલનપુર,જિ.બનાસકાંઠા.**

**વિષય:-એલ.સી.પર કાઉન્ટર સાઇન કરવા બાબત,**
**સંદર્ભ:-** જિ.શિ.અ.શ્રીની કચેરીના પત્રક્રમાંક:સા.વ.શા./જન.ર.સુધારા/પરિપત્ર/૨૦૨૫/૬૨૫૦,તા.૧૧/૦૪/૨૦૨૫

**મે.સાહેબશ્રી**,
સવિનય ઉપરોક્ત વિષયના અનુસંધાને જણાવવાનું કે,અમારી શાળામાં હાલમાં ધોરણ .........માં અભ્યાસ કરતા વિધાર્થી..........................................................................................ને આગળ અભ્યાસ અર્થે અન્ય રાજ્યમાં જવાનુ હોવાથી સદર વિધાર્થીના અસલ એલ.સી. પર કાઉન્ટર સાઇન માટેની દરખાસ્ત નિયતનમુનામાં નીચેની વિગતે સામેલ રાખી મોકલી આપવામાં આવે છે. જેને ધ્યાને લઇ આપ સાહેબશ્રીની કક્ષાએથી ઘટતી કાર્યવાહી કરવા નમ્ર વિનંતિ.

| **ક્રમ** | **વિગત (જી.આર.મુજબ)** | |
|---|---|---|
| ૧ | જી.આર.નંબર | |
| ૨ | UID NO. | |
| ૩ | ધોરણ | |
| ૪ | વિધાર્થીનું પુરુ નામ | |
| ૫ | ક્યા કારણોસર શાળા છોડવામાં આવેલ છે? અને ક્યાં પ્રવેશ લેવાનો છે? | |
| ૬ | વાલીનો મોબાઇલ નં. | |

**બિડાણ**:નિયત નમુનામાં દરખાસ્ત

**આચાર્યશ્રીના સહી/સિક્કા**

શાળાનું નામ:- ..................................................................................................................................................

વિદ્યાર્થીનું પુરૂ નામ:- ..........................................................................................................................................

ધોરણ:-.............................

❖ શાળા છોડ્યાના પ્રમાણપત્ર(એલ.સી.) પર કાઉન્ટર સહી કરવા માટે નીચેના આધારો રજૂ કરવાના રહેશે.

| ક્રમ | વિગત | હા/ના દર્શાવો | પાના નં. |
|---|---|---|---|
| ૦૧ | કયાં કારણોસર એલ.સી. કાઉન્ટર સહી કરવાની થાય છે. તેનો વિગતવાર શાળાનો ભલામણ પત્ર સામેલ છે.<br>– જેમ કે, વિદ્યાર્થીનો જી.આર. નંબર અને યુ.આઇ.ડી. નંબર, ધોરણ, વિદ્યાર્થીનું પુરૂ નામ અને કયાં કારણોસર શાળા છોડવામાં આવેલ છે અને કયાં પ્રવેશ લેવાનો છે. જેવી તમામ વિગતો શાળાના પત્રમાં દર્શાવવી. | | |
| ૦૨ | અસલ શાળા છોડયાનું પ્રમાણપત્ર(એલ.સી.) સામેલ છે. | | |
| ૦૩ | ઉમેદવારનું ગુણપત્રક/પ્રમાણપત્રની પ્રમાણિત નકલ | | |
| ૦૪ | અસલ એલ.સી. તથા તેની પ્રમાણિત નકલના પાછળના ભાગ પર એલ.સી.માં દર્શાવેલ તમામ વિગતો શાળાના રેકર્ડ મુજબ સાચી અને ખરી છે. તે મતલબનું પ્રમાણપત્ર આચાર્યશ્રીએ ફરજીયાત આપવાનું રહેશે. | | |
| ૦૫ | એલ.સી.ની આગળ અને પાછળની પ્રમાણિત નકલ સામેલ છે. | | |
| ૦૬ | શાળા જી.આર.ની પ્રમાણિત નકલ સામેલ છે. | | |
| ૦૭ | શાળા જી.આર.માં સુધારો કરેલ હોઇ તો તે અંગેના મંજુરી હુકમની પ્રમાણિત નકલ સામેલ છે. | | |
| ૦૮ | ઉકત ક્રમ ૧ થી ૭ મુજબ દરખાસ્ત તૈયાર કરી આપના સંબંધિત મદદનીશ શિક્ષણ નિરીક્ષકશ્રી પાસે ચકાસણી કરાવી એલ.સી.ની પ્રમાણિત નકલમાં આચાર્યશ્રીના પ્રમાણપત્રના નીચે એલ.સી.માં દર્શાવેલ તમામ વિગતો શાળાના રેકર્ડ મુજબ સાચી અને ખરી છે તે મતલબનું પ્રમાણપત્ર મદદનીશ શિક્ષણ નિરીક્ષકશ્રીએ ફરજીયાત આપવાનું રહેશે ત્યારબાદ જ શાળાએ સદર દરખાસ્ત અત્રેની કચેરીમાં રજુ કરવાની રહેશે. | | |

આચાર્યશ્રીની સહી અને સિક્કો